
पुणा International School
Shree Swaminarayan Gurukul, Zundal

# Grade –VI



# Gujarati

# Specimen copy

# Year- 2022-23

# અનુક્રમણિકા

| ક્રમ | પ્રથમ સત્ર | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| 1 | ખિસ્સામાં પહેલવાન ? હા | |
| 2 | તેને તે ઉગશે ? | |
| 3 | શખલાંનીબહેનછીપલી | |
| 4 | પાઠ -૪સિંહ ધુંધવે ,બકરો ભાગે | |
| 5 | પાઠ- ૫ પવન, ખીજાય ,તો ગોળ ઝાપટો | |

## પાઠ-૧ ખિસ્સામાં પહેલવાન ? હા




- અઘરા શબ્દો

૧.નાનકડું

૨.રખડું

૩ .મોઢું બગાડવું

૪ .ગંદુ

૫.વાતેય

૬ .રોફ

૭ .હાંકી કાઢવું

- શબ્દાર્થ

૧.નાનકડું -નાનું

૨ .રખડું - ફરવું

૩ .ગંદુ -ખરાબ

૪ .વાતેય -વાત

૫.રોફ –અભિમાન

**સાહિત્ય**

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો**

૧ .બુસ્કોટભાઈ એ ખિસ્સા ને કેવું કહ્યું ?

જ .બુસ્કોટભાઈ એ  ખિસ્સાને રખડું ,ગંદુ,અને ગંધાતું ક્યુ .

૨ .ખિસ્સું સૂરજદાદા થી કેમ ડરી ગયું ?

જ .ખિસ્સું સૂરજદાદાની લાંબી લાંબી મૂછો જોઇને ડરી ગયું.

૩. ખિસ્સા પર કોણે  વ્હાલથી હાથ ફેરવ્યો ?

જ. ખિસ્સા પર  સૂરજદાદા વ્હાલથી હાથ ફેરવ્યો

૪ .ખિસ્સાની કરચલી કોણે દૂર કરી આપી ?

જ.ખિસ્સાની કરચલી ધોબીભાઈએ  ઈસ્ત્રી  ગરમ કરી ,તેના  પર ફેરવીને દૂર કરી આપી .

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો**

૧ .ખિસ્સું કેટલી વાર રડે છે ?

જ.ખિસ્સું બે વાર રડે છે .બુશકોટભાઈએ એને ગંદુ ,ને ગંધાતું કહ્યું ત્યારે અને દરજીભાઈ એ એને દુકાનમાંથી હાંકી કાઢ્યું ત્યારે તે રડે છે .

૨ .ખિસ્સાને  કોણ કોણ રાજી કરે છે ? કઈ રીતે ?

જ..ખિસ્સાને  સૂરજદાદા  સૂકવીને રાજી કરે છે .દરજીભાઈ તેને નીરજભાઈ ના બુશકોટ પર ચોંટાડીને રાજી કરે છે .ધોબીભાઈ તેની કરચલીઓ  પર ઈસ્ત્રી  ફેરવીને કરચલીઓ  દૂર કરીને રાજી કરે છે .

૩ .ધોબીભાઈ કાકાનો સ્વભાવ ગુસ્સાવાળો છે કે માયાળુ તમને કઈ વાતથી ખબર પડી ?

જ.ધોબીકાકાનો સ્વભાવ માયાળુ  છે . .ખિસ્સું રડતું રડતું  એમની પાસે આવ્યું ત્યારે ધોબીકાકાએ કહીંયુ ,"એમ

વાત છે ? અહીં આવ તારી  કરચલીઓ ચપટી વગાડતા માં છું કરી દઉં ."આ વાતથી ખબર પડી કે ધોબીકાકામાયાળુ છે.

❖ **વ્યાકરણ**

**નીચેનાશબ્દોનાસમાનાર્થીશબ્દોલખો .**

૧.આઘુ =દૂર , છેટું

2.ભીજાવું = પલળવું

૩.નિરાંત =ફુરસદ

૪.અતિશય =ઘણુંજ ,પુષ્કળ

૫.કડક = કઢણ

૬.બચકું =કરડવું

**નીચેના વાક્યો માંથી ક્યુ વાક્ય સાચું છે અને ક્યુ ખોટું તે જણાવો .**

૧. ખિસ્સાના આંસુ થી તળાવ ભરાઈ ગયુ. =**ખોટું**

૨. દરજીભાઈ એ ખિસ્સાને સુકવી નાખ્યું .= **ખોટું**

૩. ધોબીભાઈ એ ખિસ્સાને 'થેકહ્યુ 'કહ્યું . = **ખોટું**

૪. ખિસ્સાને નીરજભાઈ ના બુશકોટ પર બેસવાની મજા પડી.=**સાચું**

- **નીચેનાવાક્યોકોણબોલેછેતેલખો**

૧. "એય ,બચુડા ,બીશ નહીં ". -**સૂરજદાદા**

૨. "મને તમારી સાથે બહુ ગમે છે ".-**ખિસ્સું**

૩. "હવે તું વહાલું વહાલું લાગે છે ,બચુકડા ".-**સૂરજદાદા**

૪. "આટલું બધું રડે છે કેમ ? તને કોણ વઢીયું ?" - **ધોબીભાઈ**

૫. "ચાલ ,બેસીજા નીરજભાઈના બુશકોટ પર "-**દરજીભાઈ**

- **નીચેનીખાલીજગ્યાપૂરો**

૧. **સૂરજદાદા**ને લાંબી લાંબી મૂછો હતી .

૨.ખિસ્સું **નીરજભાઈના**બુશકોટ પર ચોંટી ગયું .

૩.**દરજીભાઈ**એ ખિસ્સાને દુકાનમાંથી હાંકી કાઢ્યું .

૪.ખિસ્સાની કરચલી **ધોબીભાઈ**એ દૂર કરી .

**નીચેના વિષય પર નિબંધ લખો .**

- **મારુ પ્રિય વસ્ત્ર**

મારા જન્મ દિવસે મને નવું શર્ટ મળ્યું છે .તે આસમાની રંગનું છે .તે સુતરાઉ છે .તેના પર હાથ ફેરવું ત્યારે મને તેનો મુલાયમ સ્પર્શ ખુબ ગમે છે .હવે તો જયારે મારે શુભ પ્રંસગે બહાર જવાનું થાઇ ત્યારે મારી પહેલી પસંદગી આ શર્ટ ની જ રહે છે .તે કોઇ પણ પેન્ટ સાથે મેચ થઇ જાય છે .અને ધોવામાં કોઈ વિષેસ કાળજી રાખવી પડતી નથી .હા ,ધોયા પછી ઈસ્ત્રી કરવી જ પડે .તે શર્ટ પહેરવાની ગરમીમાં ખુબજ રાહત રહે છે .તેથી તે મને ગમે છે .

પ્રવૃતિ-તમનેગમતાવસ્ત્રોનુંચિત્રદોરો

## પાઠ-૨.તેને તે ઉગશે ?




### અઘરા શબ્દો

૧. પહાડ

૨. ભમવા

૩. હોંશે હોંશે

૪. પ્રેમ

૫. વંડી

૬. હોશિયાર

૭. ચકિત

૮. સહેજ

૯. ભટકાય

૧૦. નવાઈ

૧૧. મહેનત

૧૨.હરખેલી

- ### શબ્દાર્થ

૧. પહાડ -પર્વત

૨. પ્રેમ - દયા

૩. ચકિત -આશ્ચર્ય

૪. ભટકાય -અથડાય

૫.હરખેલી -ખુશખુશાલ

૬.સહેજ –પરિશ્રમ

❖ **સાહિત્ય**

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો**

૧. કોની કલગી સૌથી સારી છે ?

જ.મોરની કલગી સૌથી સારી છે .

૨. કોઇ પણ બે પક્ષીઓના અવાજ લખો .

જ. ચકલી :'ચી ...ચી ...',કાગડો :'કા......કા...'.

૩. કુકડી ને કોણ કોણ પ્રોત્સહન આપતું હતું ?

જ. કુકડીને પછીથી કાબરે પ્રોત્સહન આપ્યું .

૪. કુકડી કઈ -કઈ બાબતો માં હોશિયાર હતી ?

જ.કુકડી ઇંડા વેચવામાં ,ચણ ચણવામાં ,બચ્ચા સાચવામાં અને એમને ચણ વીણતાં શીખવામાં  હોશિયાર હતી

૫. કાબરે કુકડી ને શા સમાચાર આપ્યા ?

જ. કાબરે કુકડી ને સમાચાર આપ્યા કે કુકડી, તો ખરી ,તનેય માથે કલગી ઊગી છે !

**પ્રશ્ન -૨ નીચેના પ્રશ્નો ના સવિસ્તાર જવાબ લખો**

૧. કુકડીને કઈ બે  વાતે દુ:ખ હતું ?

જ. કુકડીને બે  વાતે દુ:ખ હતું :એક તો એ કે એનાથી ઉંચુ  ઉડાતું ન હતું .અને બીજું એ કે એને રંગીન પીંછા ન હતા .માથે કલગી ન હતી અને ગળે લાલ ,પીળા,રંગો ન હતા .

૨ .કુકડી એ પોતાની કઈ અભિલાષા કુકડાને કહી ?

જ .'મારે તો તારી જોડે વડીપર બેસવું છે અને બહારની દુનિયા જેવી છે ' કુકડી  ને પોતાની આ અભિલાષા

કુકડી એ કુકડાને કહી .

૩. કુકડી કોને ધારી  ધારી ને જોયા કરતી ?શું જોયા કરતી ?

જ.  કુકડી કુકડાને ધારી  ધારી ને જોયા કરતી.કૂકડો કેમ પાંખો ફેલાવે છે .પગ સંકોરે છે. કેવી રીતે ધીરે ધીરે ઉંચે ઉડે છે .એ નીરખ્યા કરતી .

### ❖ વ્યાકરણ

**નીચેના વાક્યો ખરા છે કે ખોટા  તે જણાવો** .

૧. કુકડી ને કોઇ વાતનું દુ:ખ ન હતું .ખોટું

૨. કૂકડો  કુકડી ની વાત ને હસી કાઢતો હતો . સાચું

૩. કાબરે કાગડાને 'દોઢ ડાહ્યો 'કહ્યો .સાચું

૪. કુકડી ને માથે કલગી ના ઉગી .ખોટું

### ❖ કૌસમાંથીયોગ્યવિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

૧. કુકડી હોશિયારહતી .[હોશિયાર ,નબળું ]

૨. કુકડી ખેતરમાં ચણ વીંટી હતી .[ખેતર ,ઉકરડા ]

૩. કુકડીને માથે કલગી ઉગી .[કાગડા ,કુકડી ]

૪. કુકડી વડીપર ચડી .[ઝાડ ,વડી ]

**<u>પ્રવૃત્તિ-પાંચ પંખીઓ ના અને પશુઓના ચિત્રો તમારી નોટબુકમાં ચોટાડો.</u>**



## પાઢ-૩ શખલાંનીબહેનછીપલી

**શબ્દાર્થ**




૧. ઝૂલો

૨. માજવું

૩.અનોખી

૪.કૌશલ્ય

૫. ચનોઢી

૬. વિધિવત

૭. અજબસર્જન

૮. લછી

૯. જીણવટપૂર્વક

**શબ્દાર્થ**

૧. ઝૂલો = હીંચકો

૨. માજવું = ધસીને સાફ કરવું

૩.અનોખી = ઉમંગ

૪.કૌશલ્ય = કળા કરવાની આવડત

૫.ચનોઢી = એક વેલ નું બી

૬. . વિધિવત = નિયમ પ્રમાણે .

## ❖ સાહિત્ય

૧. દિવ્યેશ કઈ સ્કૂલ માં અભ્યાસ કરતો હતો ?

જ.દિવ્યેશ ગોવરમેન્ટ સ્કૂલ માં અભ્યાસ કરતો હતો .

૨. દિવ્યેશ નવરાશ ના સમય માં શું કરતો હતો ?

જ. દિવ્યેશ નવરાશ ના સમય માં ચાની લારીએ વાસણ માંજવાનું ,કુલ્ફી વેચવી જેવા કામોમાં પિતાને મદદરૂપ થતો હતો .

૩. તહેવારો ના દિવસ માં દિવ્યેશ શું કરતો હતો ?

જ.તહેવારો ના દિવસ માં દિવ્યેશ હાથ બનાવટની અવનવી વસ્તુઓ બનાવી વેચતો હતો .

૪. દિવ્યેશે રાખડીઓનું બોક્સ શાનાથી બનાવેલું હતું ?

જ. દિવ્યેશે રાખડીઓનું બોક્સ કુલ્ફી ઓની પટીઓથી બનાવેલું હતું .

## ❖ નીચેના પ્રશ્નોના જવાબ બે ચાર વાક્યોમાં લખો

૧. દિવ્યેશ કેવા ઘરમાં રહેતો હતો ?

જ. દિવ્યેશ નું ઘર ઝુપડીઓના વિસ્તારમાં હતું .તે કાણાં પડેલા જુના પતરાં ,લાકડા ,પ્લાસ્ટિક ની થેલીઓ અને કાપડની થેલીઓ,કોથળા અને કાપડથી બનેલા ઝુંપડા માં રહેતો હતો .

૨. તહેવારોના દિવસોમાં દિવ્યેશ શું શું બનાવી વેચતો ?

જ. તહેવારોના દિવસોમાં દિવ્યેશ હાથ બનાવટની અવનવી વસ્તુઓ બનાવી વેચતો .તે છીપલા માંથી હાર ,બુટી,અને ઝાંઝર તથા દીવાલો શોભવે તેવા કાથીકામ ના ચિત્રો બનાવતો .તે તૂટેલી બંગડી ઓમાથી તોરણ તેમજ કુલ્ફી ની પત્તોમાંથી વિમાન ,ઘર ,હોડી,વગેરે બનાવી, રંગોના છાંટણામાંથીસજાવી વેચતો .

## ❖ વ્યાકરણ

- **શબ્દસમૂહમાટેએકશબ્દલખો .**

૧. પાણી માં રહેનાર એક સજીવ -માછલી

૨. આપણું રાષ્ટ્રીય ફૂલ -કમળ

૩. બાગકામ કરનાર -માળી

૪. કપાળ ઉપર કંકુથી કરાતું ટીલું - તિલક

- **સમાનાર્થીશબ્દલખો**

૧. માણસ -લોકો

૨. શિક્ષા -સજા

૩.સમાચાર પત્ર –છાપું

**નીચેના વાક્યો કોણ બોલે છે તે લખો**.


૧. "મને ,કારેલાનું શાક ખૂબ ભાવે છે "- રિયા

૨. 'આરકડી તો બારેમાસ પહેરવી ગમે એવી કળા જેવી છે '-નેહા

૩.'દિવ્યેશ ,આ મેઘધનુષ જેવી રાખડી કોના માટે ?' -ધૈર્ય

૪.'લે ,તારો હાથ કેમ ખાલી ?' -રિયા

પ્રવુતિ -તમને ગમતી રાખડી બનાવીને તમારી નૉટબુક માં ચોટાડો .




## લેખન વિભાગ

# રક્ષાબંધન

ભારત તહેવારોનો દેશ છે. તેમાં અનેક તહેવારોની ઉજવણી થાય છે. આપણે ધાર્મિક, સામાજિક અને રાષ્ટ્રીય તહેવારોઉજવીએ છીએ. તેમાં રક્ષાબંધનનો તહેવાર આવે છે. રક્ષાબંધન એટલે ભાઇ-બહેનનો તહેવાર છે. તેનું બીજુ નામ ‘બળેવ’ છે.

રક્ષાબંધન શ્રાવણ મહિનાની પૂનમે આવે છે. તે દિવસે બહેન ભાઇને તિલક કરે છે અને રાખડી બાંધે છે અને મીઠાઇ ખવડાવે છે.ભાઇ બહેનને ભેટ આપે છે.

રક્ષાબંધનના દિવસે બ્રાહ્મણો જનોઇ બદલે છે. માછીમારો આ દિવસે નાળિયેર વડે દરિયાની પૂજા કરે છે. તેથી તેને નારિયેળી પૂનમપણ કહેવાય છે.રક્ષાબંધનનો તહેવાર બધા ધર્મના લોકો ઉજવે છે. આ જ તો એક વિશેષ દિવસ છે જે ભાઈ-બહેનો માટે બનેલો છે.

અભિમન્યુને કુંતીએ તેને રણમોરચે જતાં પહેલાં રાખડી બાંધી હતી. એવું રક્ષણ પ્રિયજનને આપવા માતાઓ, પત્નીઓ, ભગિનીઓએ રાખડી બાંધ્યાના પ્રસંગો પુરાણોમાં અનેક ઉપલબ્ધ છે.

હિંદુ સમાજમાં શ્રાવણી પૂર્ણિમાના દિવસે બધી જ બહેનો પોતાના ભાઇના કાંડે રાખડી બાંધી તેની સર્વ પ્રકારની રક્ષા ઇચ્છે છે. શું રાખડી બાંધીને કોઇની રક્ષા ખરેખર થઈ શકે? મહત્વ રક્ષાબંધનનું નથી, મહત્વ છે અંતરના જે અમી ઘૂંટીને રાખડી બાંધતી વખતે આશીર્વાદ આપે તેનું છે.

## પાઠ -૪સિંહ ઘુંઘવે ,બકરો ભાગે!




**અઘરાશબ્દો**

૧.બાળીયું -

૨. ગજું -

૩. ઉસ -

૪.આરો -

૫.ઓવારો -

૬.પરથારો -

૭.જળભંડાર -

૮.સભર ભર્યા -

૯.તરંગ -

૧૦. ગંજાવર -

૧૧.ધાય -

**શબ્દાર્થ**

૧.બાળીયું - જોરાવર

૨. ગજું - શક્તિ

૩. ઉસ - એક ક્ષાર

૪.આરો - કિનારો

૫.ઓવારો - કિનારો

૬. પરથારો -નાનો કિનારો

૭.જળભંડાર –પાણીનોસંગ્રહ

૮)સભર ભર્યા

૯)તરંગ

૧૦) ગંજાવર

**શબ્દાર્થ**

૧)બડીયું -જોરાવર

૨)ગજું - શક્તિ

૩)ઊસ - એક ક્ષાર

૪)આરો -કિનારો

૫)ઓવારો - કિનારો

૬)પરથારો - નાનો ઓટલો

૭)જળભંડાર - પાણીનો સંગ્રહ

**સાહિત્ય**

**નીચેના પ્રશ્નોના એક એક વાક્યમાં જવાબ લખો**

૧)સિંહ વનમાં હતાશ કેમ બેઠો હતો ?

જ) સિંહ શિકાર શોધમાં વનમાં ફરી રહીયો હતો ,પરંતુ કોઈ પ્રાણી ન દેખાતા તે હતાશ થઈને બેઠો હતો .

૨) બન્ને બચ્ચા સાથે સાથે શું કરતા હતા ?

જ) બન્ને બચ્ચા સાથે સાથે દૂધ પીતા .સાથે સાથે રમતા અને આનંદ કરતા .

૩)સિંહના બચ્ચાંએ બકરાની આજ્ઞાનો અનાદર કેમ કર્યો નહીં ?

જ)સિંહનું બચ્ચું બકરાનો 'મોટા ભાઈ ' તરીકે આદર રાખતું હતું ,તેથી તેણે બકરાની આજ્ઞાનો અનાદર કર્યો નહીં .

૪)છેવટે બકરો શું સમજી ગયો ?

જ)છેવટે બકરો સમજી ગયો કે પોતે બકરો છે .હવે સિંહનું બચ્ચું સિંહ થયું છે ,તેથી કોઈ દિવસ તેને પણ તે પૂરો કરી નાખશે .

- **નીચેના પ્રશ્નોના જવાબ બે ચાર વાક્યોમાં લખો**

૧) બકરીના બચ્ચાંને મારી નાખવા માટે સિંહ નો જીવ કેમ ન ચાલ્યો ?

જ) બકરીના બચ્ચાંને મારી નાખવા માટે સિંહ નો જીવ ન ચાલ્યો ,કારણ કે તેને દયા આવી તેને મનમાં થયું કે 'જેમ મારુ બચ્ચું મને વ્હાલું છે ,તેમ સોને પોતાનું બચ્ચું વ્હાલું હોય .હું આને સિંહણ પાસે લઈ જાઉં ,ત્યાં ,તે મારા બચ્ચા સાથે રમશે અને મોટું થશે .'

૨) મોતિયાએ નાનિયાને રોકિયો તે સારું ક્યુ કે ખરાબ ? કેમ ?

જ) મોતિયાએ નાનિયાને રોકિયો તે સારું ક્યુ નહીં ,કારણકે નાનિયો સિંહ નું બચ્ચું હતું .તે સ્વભાવે ઝનૂની હતું .તે હાથી સાથે બાથ ભીડી શકે તેમ હતું .

**વ્યાકરણ**

## નીચેના રૂઢિ પ્રયોગ ના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો .

૧)જીવ ચાલવો નહીં -મન માનવું નહીં

૨)બાથ ભીડવી - સામનોકરવો

૩)પાણીના રેલાની જેમ - ખુબ ઝડપથી

નીચેના સમૂહ માટે એક શબ્દ લખો

૧) હું એક રમત છુ મારામાં બે વૃક્ષ રહે છે .- આંબલી- પીપળી

૨) મને સાત દિવસનો સમહૂ કહે છે . - અઢવાડિયુ .

૩)હું માટી ખાઉં છુ ,મને ખેડૂતના મિત્ર તરીકે ઓળખવામાં આવે છે . - અળસિયું

૪)મારા વડે તાળું ફૂલે છે . - ચાવી

૫)મારે રંગબેરંગી પાંખો છે . - પતંગિયું

## લેખન વિભાગ

## વાર્તા - સસલું અને કાચબો

આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો અને તેમાંથી મળતો બોધ લખી તેને શીર્ષક આપા :મુદ્દા : સસલું અને કાચબો – બંને વચ્ચે દોડની હરીફાઇ – સસલાનું અભિમાન – વચ્ચે આરામ કરવો – કાચબાની ધીમીગતિ – સસલા કરતાં પહેલાં પહોંચી જવું – સસલાની હાર – બોધ ,

દોસ્તો એક દિવસ ની વાત છે એક વખત એક જંગલમાં સસલું અને કાચબો અને બીજા ઘણા પ્રાણિયો રહેતા હતા .

એક દિવસ ની વાત છે .કાચબા ભાઈ તો ધીમે ધીમે ચાલતા ચાલતા જતા હતા અને ત્યાંથી સસલા ભાઈ ને નીકળવાનું થયું .સસલા ભાઇ તો કાચબાની ધીમી ચાલ જોઈને હસવા લાગ્યા .એમને તો મનમાં ને મનમાં અભિમાન થવા લાગ્યું ,કે મારાથી વધારે ઝડપથી તો કોઈ ચાલી કે દોડી સકે નહિ .અને તે તો કાચબા ભાઈ નો મજાક ઊડાડવા માંડ્યા કે તમે તો સાવ ધીમા ચાલો છો .કાચબા ભાઈ ને ખોટું લાગ્યું પણ તેઓ કઈ પણ બોલ્યા વગર આગળ ચાલતા થઇ ગયા .તો આનાથી સસલાને થયું કે કાચબા ભાઈ ડરી ગયા પણ અમાં એમના અભિમાની વાત હતી .તેઓ એ કાચબા ભાઈ ના રસ્તા માં જઇ ને ઊભા રહી ગયા અને તેમને કહેવા લાગ્યા કે તમે મારી સાથે રેસ લગાડો .અને ધીમે ધીમે આ વાત આખા જંગલ માં ફેલાવા લાગી અને થોડીક વાર માં તો આખું જંગલ ભેગું થઇ ગયું . હવે તો કાચબા ભાઈ ના માન ની વાત આવી ગઈ હવે તો કાચબા ભાઇ પણ પૂરી તૈયારી કરવા લાગ્યા .પણ સસલા ભાઈ તો આરામથી બેઠા હતા .કેમકે તેમના મનમાં તો કઈક બીજું જ હતું .

બીજે દિવસે સવારે બધાય ભેગા થયા અને રેસ ની સરુઆત થઇ .કાચબા ભાઈ તો ધીમે ધીમે ચાલતા થયા અને સસલા ભાઇ તો ઝડપથી આગળ વધવા લાગ્યા સરત આ હતી કે બપોર સુધીમાં આખા જંગલ નો આંટો મારીને પાછુ આવાનું છે જે સૌથી પહેલા આવશે તે વિજેતા બનશે .સસલાભાઈ તો થોડી વાર માં તો જંગલ નો અડધો ભાગ કાપી નાખ્યો ,અને પાછળ વરી ને જોયું તો કાચબા ભાઇ તો ક્યાય દેખતા નહોતા.તેમને અમ કે આમને તો હજી ઘણી વાર લાગશે .આવું વિચરી ને આમના મનમાં અમ કે હું આરામ કરી લઉં .અને તેઓ એક ઝાડ ની નીચે આરામ કરવા બેસી ગાય જોત જોતા માં તેમને નીંદર આવી ગઇ .અને તેઓ સુઇ ગયા . થોડી વાર માં કાચબા ભાઈ ત્યાં આવી ગયા પણ તેઓ આરામ કરવા ના રોકાઈ ગયા અને ચાલવાનું ચાલુ રાખ્યું .તો થોડી વાર માં તેઓ જંગલ નો પોણો ભાગ પૂરો

કરી ગયા અને ત્યાં તો સસલા ભાઈ ની આંખ ખુલી અને અમને આગળ જોયું .તો કાચબા ભાઈ તો જાજા આગળ પોચી ગયા હતા .હવે સસલા ભાઈ દોડ્યા પણ બેગુ ના થયું અને કાચબા ભાઈ રેસ જીતી ગયા .ત્યાર બાદ સસલા ભાઇ ને સમજાયું કેબોધઃ-અભિમાન ના કરવું જોઈ એ અને ક્યારેય કોઈનો મજાક ના ઊડાવવો જોઈએ.તેઓએ કાચબાભાઈ ની માફીમાંગી    તેમની સાથે દોસ્તી કરી તો .

પાઠ- ૫ પવન, ખીજાય ,તો ગોળ ઝાપટો !




## અઘરા શબ્દો , શબ્દાર્થ

1. કૂંપણ-
2. કેવળ -
3. લોહીલુહાણ -
4. બચકું -
5. વાઢ
6. ચિચોડો
7. બળતણ -
8. કૂચા-

## શબ્દાર્થ

1. કૂંપણ- નવું ફૂટતું પાંદડું
2. કેવળ - ફક્ત
3. લોહીલુહાણ - શેરડીનું ખેતર કે વાવેતર
4. બળતણ - બાડવા માટે ની સામગ્રી
5. કૂચા- શેરડી માંથી રસ કાઢ્યા પછી જે વધે તે

### સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો

૧) મિન્ટુ ભાઈ શાના માટે રિસાયા ?

જ)મિન્ટુ ભાઈ ગોળ માટે રિસાયા .

૨)રામજી ભાઈ ના ખેતરમાં શું જોઈને મિન્ટુ ભાઈ ખુશ થઈને નાચવા લાગ્યા ?

જ)રામજી ભાઈ ના ખેતરમાં ગોળ રવાના થપ્પે- થપ્પાં જોઈને મિન્ટુ ભાઈ ખુશ થઈને નાચવા લાગ્યા

૩) રામજીબાપા એ કઇ શરતે મિન્ટુને પોતાની પાસે રહેવા કહ્યું?

જ) રામજી બાપાએ પોતાની સાથે કામ કરવાની શરતે મિન્ટુને પોતાની સાથે રહેવાનું કહ્યું .

૪) કેટલાક મજૂરો ભઠ્ઠામાં શું નાખતા હતા?

જ)કેટલાક મજૂરો તડકે સુકાયેલા શેરડીના કુચા ટોપલામાં ભરીને ભઠ્ઠામાં નાખતા હતા.

૫) મીન્ટુભાઈ શું હતા ?તે કોના દીકરા હતા?

જ) મીન્ટુભાઈ મકોડો હતા. તે મકોડી બેન મચ્છીના દીકરા હતા.

**નીચેના પ્રશ્નોના જવાબ ત્રણ ચાર વાક્યમાં આપો**

૧) પીન્ટુ ભાઈ સ્વભાવે કેવા હતા? રીસ ચડે ત્યારે તે શું કરતા?

જ) પિન્ટુભાઈ સ્વભાવે રીસવાળા, હઠીલા અને ગુસ્સાવાળા હતા રીસ ચડે ત્યારે તે પોતાની જ પુઠઉપર બચકું ભરતા અને મોટો ભેખડો તાણીને જોર જોરથી રડતા.

૨) શેરડીમાંથી ગોળ કેવી રીતે બને છે?

જ) શેરડીમાંથી સાઢામાંથી રસ નીકળે .આ રસ મોટા તાવડામાં ઠાલવવામાં આવે ભઠ્ઠો સળગાવવામાં આવે .રસને મોટા તવેથા  વડે હલાવવામાં આવે .રસ ઉકળે ફીણ થાય તેને કાઢી નાખવામાં આવે . લસ લસતો ગોળ નાની મોટી ડોલમાં ઠલવાય આ રીતે

શેરડીમાંથી ગોળ બને .

**વ્યાકરણ**

**નીચેની ખાલી જગ્યા પૂરો**

૧) મીન્ટુ મકોડો હતું (કીડી ,મકોડો)

૨) ચિચોડો ખીચડુક ચિચડુક બોલે .(હિચકો ચીચોડો)

૩) ગોળ શેરડીમાંથી બને. (કપાસ ,શેરડી)

૪) શેરડીના કૂચાનો નો બળતણ માટે ઉપયોગ થાય. (બળતણ, કાપડ)

૫) કારીગર શેરડીના રસને તવેથા વડે હલાવતા . (લાકડી, તવેથા)

**નીચેના રૂઢિપ્રયોગ નો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો**

૧) જોયા જેવી થવી – ફજેતી

૨) ઝાપટી જવું - બધું ખાઈ જવું

૩) તલ પાપડ થઈ જવું - આતુર થઈ જવું

૪) રાજીના રેડ થઈ જવું - ખૂબ ખુશ થઈ જવું

૫) મોમાં પાણી છૂટવું - ખાવાની તીવ્ર ઇચ્છા થવી

पु • ना